CERC
Since 1978

ISSN 2349-5596

# ગ્રીન ઇનસાઇટ્સ

ન્યુઝલેટર ઓન "એન્વાયરમેન્ટ લિટરસી - ઈકો-લેબલીંગ એન્ડ ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ"

વોલ્યુમ ૧૭ નંબર ૧, એપ્રિલ-જૂન ૨૦૨૨



## ગ્રીન સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ પર રિપોર્ટ
## ૨૦૨૧-૨૨

**સ્પોન્સર્ડ બાય**

**મિનિસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ, ફોરેસ્ટ એન્ડ કલાઈમેટ ચેન્જ, ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા**

ENVIS રિસોર્સ પાર્ટનર ઓન

**એન્વાયરમેન્ટ લિટરસી - ઈકો-લેબલીંગ એન્ડ ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ**

# ગ્રીન ઇનસાઇટ્સ

એપ્રિલ-જૂન ૨૦૨૨

શ્રી પ્રફુલ અમીન
સીઇઆરસી, ચેરમેન

ઉદય માવાણી
ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર

**સંપાદકીય ટીમ**

અનિંદિતા મહેતા
ENVIS પ્રોજેક્ટ કોઓર્ડિનેટર

દિવ્યા નમ્બુથિરી
પ્રોગ્રામ ઓફિસર

અપેક્ષા શર્મા
ઇન્ફોર્મેશન ઓફિસર

મયુરી ટાંક
આઇ. ટી. ઓફિસર

IZGARA DESIGN
ડિઝાઇન અને ગ્રાફિક્સ

# અનુક્રમણિકા

પ્રસ્તાવના ૨

'લેબોરેટરી ટેકનિશિયન્સ /ટેકનિકલ આસિસ્ટન્ટ્સ ફોર એનર્જી એફિશિયન્સી,સ્ટાર લેબલિંગ એન્ડ અધર ઇલેક્ટ્રિકલ ટેસ્ટિંગ ફોર એન્વાર્યનમેન્ટલ ક્રાઇટેરિયા' પર સર્ટિફિકેટ કોર્સ અંગેનો અહેવાલ ૩

'લેબોરેટરી આસિસ્ટન્ટ ફોર ફુડ ટેસ્ટિંગ લેબોરેટરી વીથ ઇકો-ફ્રેન્ડલી પ્રેક્ટિસિસ' પર સર્ટિફિકેટ કોર્સ' અંગેનો અહેવાલ ૭

## પ્રસ્તાવના

વિશ્વમાં બીજા ક્રમની વસ્તી ધરાવતા ભારતમાં કામકાજી યુવાનોની સંખ્યા મોટી છે. ભારતને આ ડેમોગ્રાફિક ડિવિડન્ડનો લાભ મળી રહ્યો છે, ત્યારે શાળામાં ઊંચો ડ્રોપ આઉટ રેટ (અધવચ્ચેથી શિક્ષણ છોડી દેવું) અને વ્યાવસાયિક કુશળતા (વોકેશનલ સ્કિલ)નો અભાવ આ ડિવિડન્ડનો લાભ લેવામાં અવરોધક સાબિત થઈ શકે છે. ભારતમાં પર્યાવરણ/વન ક્ષેત્રમાં જ્ઞાનાત્મક અને વ્યવહારુ એમ બંને સ્તરે કૌશલ્યમાં માંગ-પુરવઠા વચ્ચે અવકાશ છે.

મોટાં ભાગનાં તાલીમ કાર્યક્રમો 'સોફ્ટ' કે 'ગ્રીન સ્કિલ્સ'ને બદલે મિકેનિકલ ટેકનિકલ સ્કિલ્સ પર ભાર મૂકે છે. માનનીય વડાપ્રધાનના સ્કિલ ઇન્ડિયા મિશનનાં ભાગ રુપે પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન (MoEF&CC) મંત્રાલયે ENVIS Hubs/RPs ની નિપુણતાનો લાભ ઉઠાવીને ભારતના યુવાનોને અર્થપૂર્ણ રોજગારી અને/અથવા સ્વ-રોજગાર પૂરાં પાડવા પર્યાવરણ અને વન ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસ માટે ગ્રીન સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (GSDP) નામની પહેલ શરૂ કરી છે. આ કાર્યક્રમમાં ટેકનિકલ નોલેજ અને સાતત્યપૂર્ણ વિકાસ પ્રત્યે પ્રતિબધ્ધ ગ્રીન સ્કિલ્ડ વર્કર્સ તૈયાર કરવાનો પ્રયાસ છે, જે નેશનલ ડિટરમાઇન્ડ કોન્ટ્રીબ્યુશન્સ (NDCs), સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs), નેશનલ બાયોડાઇવર્સિટી ટાર્ગેટ્સ (NBTs) હાંસલ કરવા ઉપરાંત વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ (૨૦૧૬)માં મદદ કરશે.

૨૦૧૮ થી CERC ગ્રીન સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ બે કોર્સ ચલાવી રહી છે. આ બે કોર્સ આ પ્રમાણે છે: 'લેબોરેટરી ટેકનિશિયન્સ ટેકનિકલ આસિસ્ટન્ટ્સ ફોર એનર્જી એફિશિયન્સી, સ્ટાર લેબલિંગ એન્ડ અધર ઇલેક્ટ્રિકલ ટેસ્ટિંગ ફોર એન્વાર્યનમેન્ટલ ક્રાઇટેરિયા' અને 'લેબોરેટરી આસિસ્ટન્ટ ફોર ઇકો-ફ્રેન્ડલી ફુડ ટેસ્ટિંગ લેબોરેટરી.'

બે મહિનાના આ રેસિડેન્શિયલ પ્રોગ્રામ્સમાં તાલીમ ઉપરાંત રહેવા અને જમવાની સુવિધા ફ્રીમાં પૂરી પાડવામાં આવી હતી. આ પ્રોગ્રામ્સનો હેતુ ફુડ લેબોરેટરી અને ઇલેક્ટ્રિકલ લેબોરેટરીમાં લેબ આસિસ્ટન્ટ/ટેકનિશિયન માટે જરૂરી ઇકો-ફ્રેન્ડલી સ્કિલ્સ વિકસાવવાનો છે.

MoEF&CCના ગ્રીન સ્કિલિંગ પ્રોગ્રામની આ વર્ષે ચોથી બેચ હતી, જેને ઉદ્યોગો અને શિક્ષણ વર્તુળોમાંથીખૂબ સારો પ્રતિસાદ અને પ્રોત્સાહન મળ્યો હતો. જેમ કે, આ વર્ષે નિષ્ણાતોએ બંને કોર્સની વધુ બેચ અને વર્કિંગ પ્રોફેશનલ્સ માટે ગ્રીન સ્કિલિંગ અંગેના શોર્ટ ટર્મ કોર્સ અને હોસ્પિટાલિટી સેક્ટર્સમાં ગ્રીન પ્રેક્ટિસિસ શરૂ કરવાના સૂચનો કર્યાં હતાં. ગ્રીન સ્કિલિંગને મળી રહેલી વ્યાપક સ્વીકાર્યતાને જોતાં અમે હવે પર્યાવરણ માટે સાતત્યપૂર્ણ જીવન અંગે ENVIS ના લક્ષ્યાંકો હાંસલ કરવા પ્રદાન આપવા આતુર છીએ. ગ્રીન ઇનસાઇટ્સનો આ અંક CERC ખાતે યોજવામાં આવેલા બે GSDP કોર્સની ચોથી બેચ પર પ્રકાશ પાડે છે.

# 'લેબોરેટરી આસિસ્ટન્ટ ફોર ઇકો-ફ્રેન્ડલી ફુડ ટેસ્ટિંગ લેબોરેટરી' અંગે સર્ટિફિકેટ કોર્સ

**અનિંદિતા મહેતા**
કોર્સ ઇન-ચાર્જ, ENVIS કોઓર્ડિનેટર અને CGM
કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ

ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં ફુડ લેબોરેટરી ટેકનિશિયન્સની મહત્વની ભૂમિકા હોય છે. ફુડ પ્રોસેસિંગ યુનિટ્સની સંખ્યા ઝડપથી વધી રહી છે ત્યારે ટેસ્ટિંગ લેબોરેટરીઝમાં પ્રશિક્ષિત પ્રોફેશનલ્સ સમયની જરૂરિયાત છે. ENVIS રિસોર્સ પાર્ટનર કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટરે ગ્રીન લેબોરેટરીઝ પ્રેક્ટિસ પર ભાર મૂકીને ફુડ બિઝનેસને મોટા પાયે અને અસરકારક તાલીમબદ્ધ કુશળ વ્યાવસાયિકો ઉપલબ્ધ થાય તે માટે આ અભ્યાસક્રમ વિકસાવ્યો છે. આ કોર્સનો હેતુ વર્ગખંડ પ્રવૃત્તિઓ ઉપરાંત પ્રેક્ટિકલ તાલીમની સાથે સાથે લેબોરેટરી અને ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ્સ દ્વારા પૂરતું જ્ઞાન અને કુશળતા પુરાં પાડવાનો છે.

આ કોર્સ નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ એજન્સી (NSDA) ફ્રેમવર્કના નેશનલ સ્કિલ્સ ક્વોલિફિકેશન્સ ફ્રેમવર્ક લેવલ-૬નું પાલન કરે છે. આ કોર્સમાં ૨૨૫ કલાક ભણાવવામાં આવે છે, જેમાં વિદ્યાર્થીઓને ફુડ લેબોરેટરીઝમાં ઉપયોગમાં લેવાતી વિવિધ એનાલિટિકલ ટેકનિક્સનું પાયાનું જ્ઞાન અને પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે. તેમને પોષણ તત્વો, ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ્ઝ અને લેબોરેટરી એક્રિડિટેશન સિસ્ટમથી માહિતગાર કરવામાં આવે છે. તેમને ગુડ લેબોરેટરી પ્રેક્ટિસિસ (GLP), FSSAI નિયમો, ફુડ એડલ્ટરેશન (ખોરાકમાં ભેળસેળ) અને ક્વિક ડિટેક્શન મેથડ્સ, સેમ્પલિંગ પ્રોસિજર્સ, ડોક્યુમેન્ટેશન, ઓપેરશન, લેબોરેટરી ઇક્વિપમેન્ટ્સનું કેલિબ્રેશન અને મેઇન્ટેનન્સનું પણ જ્ઞાન આપવામાં આવે છે. આ કોર્સ દ્વારા ઇકો-ફ્રેન્ડલી લેબોરેટરી વોટર મેનેજમેન્ટ અને લેબોરેટરી સેફ્ટી મેઝર્સ અંગેની માહિતી પણ આપવામાં આવે છે.

## ઉમેદવારોની પસંદગી

પસંદગી પ્રક્રિયા અખબારો, વેબસાઇટ અને સોશિયલ મિડિયામાં જાહેરાતો દ્વારા શરૂ કરવામાં આવી હતી. ઓનલાઇન એપ્લિકેશન મંગાવ્યા બાદ ટેલિફોનિક/ગુગલ મીટ ઇન્ટરવ્યુ દ્વારા પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અમને આ કોર્સ માટે કુલ ૧૦૧ અરજીઓ મળી હતી, જેને લાયકાતના માપદંડને આધારે શોર્ટ લિસ્ટ કરવામાં આવી હતી. આમાંથી ૧૫ ઉમેદવારોને તેમને ક્ષમતાઓને આધારે તાલીમ કાર્યક્રમ માટે ફાઇનલ કરવામાં આવ્યા હતા. બહારગામનાં ૧૩ ઉમેદવારો હતા, જેમાંથી બે સ્થાનિક રહેવાસી વિદ્યાર્થી હતા. પસંદ કરાયેલા વિદ્યાર્થીઓ કેમિસ્ટ્રી, ફુડ એન્ડ ન્યુટ્રીશન, માઇક્રોબાયોલોજી અને ફુડ ટેકનોલોજી જેવા વિજ્ઞાન સંબંધિત વિવિધ ક્ષેત્રનાં ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ હતા.

## તાલીમનો પ્રારંભ

૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૨નાં રોજ કાર્યક્રમની ઉદઘાટન વિધિ કરવામાં આવી હતી. ENVIS પ્રોજેક્ટનાં પ્રોગ્રામ ઓફિસર દિવ્યા નામ્બુથિરીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. CERCના ચેરમેન શ્રી પ્રફુલ અમીનને ગેસ્ટ ઓફ ઓનર તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા, શ્રી અમીને માનનીય પ્રવચન આપ્યું હતું અને ફુડ સેક્ટર અને તેની સેવાઓમાં ગ્રાહક અધિકારો અને નિયમો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ સમારોહમાં વિવિધ મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. FDCA કમિશનર ડો. એચ જી કોશિયાને મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું. ડો. કોશિયાએ ખોરાકમાં ભેળસેળ અને અન્ન સલામતી અંગે પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. પરિશીલ લેબોરેટરીના ડિરેક્ટર અને FDCAના ભૂતપુર્વ ડેપ્યુટી કમિશનર સુશ્રી દિપીકા ચૌહાણને મુખ્ય વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને FDCA અને FSSAIની કામગીરીથી માહિતગાર કર્યા હતા. ENVIS કો-ઓર્ડિનેટર અને CGM CERC અનિંદિતા મહેતાએ વિદ્યાર્થીઓને CERC ખાતે ENVIS પ્રોજેક્ટ હેઠળ હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ અને ઇકો- લેબલિંગ તથા ઇકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ અંગે માહિતી આપી હતી. તેમણે શ્રોતાઓને કોર્સથી પણ માહિતગાર કર્યા હતા.

બીજા સત્રમાં વિવિધ ડિપાર્ટમેન્ટના વડાઓએ ગ્રાહક અધિકારો અને નિયમોની અને CERC દ્વારા ચાલતી મુખ્ય પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન CERC ENVISનાં ઇન્ફોર્મેશન ઓફિસર અપેક્ષા શર્માએ કર્યુ હતું.





### ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ ફેકલ્ટી

સીનિયર લેબ આસિસ્ટન્ટ કનકલતા ગોસ્વામીનાં વડપણ હેઠળની CERCની ઇનહાઉસ લેબોરેટરી ખાતે તાલીમ આપવામાં આવી હતી. એ પછી ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ ફેકલ્ટીએ આ કાર્યક્રમને સફળ કર્યો હતો:

**ઇન્ટર્નલ ફેકલ્ટી:**

૧. અનિંદિતા મહેતા, કોર્સ ઇન-ચાર્જ
૨. દીપિકા ચૌહાણ, પ્રોજેક્ટ હેડ, CERC
૩. કનકલતા ગોસ્વામી, લેબોરેટરી ડેમોન્સ્ટ્રેટર

**એક્સ્ટર્નલ ફેકલ્ટી:**

૧. અતુલ સોની, પબ્લિક લેબોરેટરી- AMC ખાતે ભૂતપુર્વ ક્વોલિટી મેનેજર.
૨. મીનલ પાંડે, ભૂતપુર્વ બીઆઇએસ વૈજ્ઞાનિક, આસિસ્ટન્ટ ડિરેક્ટર અને ટેકનિકલ મેનેજર, આશ્રી ટેકનોલોજી LLP, અમદાવાદ
૩. ડો. નીરજ પાંડે, ઓથોરાઇઝ્ડ લીડ એસેસર અને ટેકનિકલ એસેસર, નેશનલ એક્રિડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરીઝ (NABL) અને ડિરેક્ટર ઓફ સેન્ટર ફોર ફુડ એન્ડ વોટર ટેસ્ટિંગ ટેકનોલોજી, મુંબઇ.
૪. પલ્લવ મોઇત્રા, સીઇઓ અને એમડી, ઇસ્ટ વેસ્ટ હોસ્પિટાલિટી.
૫. પ્રિયેશ અમીન, સીઇઓ એક્યુરેટ લેબોરેટરી એન્ડ ડિરેક્ટર-ક્વોલિટી એશ્યોરન્સ, આશ્રી ટેકનોલોજી LLP અમદાવાદ.
૬. પ્રોફેસર જે બી પટેલ, આંત્રપ્રિન્યોરશીપ એક્સપર્ટ
૭. સુકન્યા પોંડુગાલા, આસિસ્ટન્ટ ડિરેક્ટર, FDCA
૮. સમીર સક્સેના, સિનિયર પ્રોગ્રામ મેનેજર, અમુલ
૯. નરેશ શાહ, મેનેજર, અમુલફેડ, ડેરી
૧૦. કશ્યપ વચ્છરાજાણી, ફાઇનાન્સ અને બેન્કિંગ નિષ્ણાત
૧૧. ચંદ્રમૌલી પાઠક, ઑંત્રપ્રિન્યોરશીપ અને SME નિષ્ણાત
૧૨. વી આર શાહ, ભૂતપુર્વ FDCA કમિશનર
૧૩. ડો. ભરત જૈન, મેમ્બર સેક્રેટરી, GCPC અને પ્રોજેક્ટ કોઓર્ડિનેટર, GCPC ENVIS RP

### આવરી લેવાયેલાં મહત્વનાં મુદ્દા

આ કોર્સમાં ક્લાસરૂમ લેક્ચર્સ અને પ્રેક્ટિકલ ટ્રેઇનિંગનો સમાવેશ થાય છે. સમાપન સત્રોમાં એસેસમેન્ટ અને સંબંધિત એક્સરસાઇઝ કરાવવામાં આવે છે. આમ, કુલ મળીને ૨૨૫ કલાકનું કોર્સ શીડ્યુલ હતું. તાલીમ અભ્યાસક્રમનાં મુખ્ય ઘટકો નીચે પ્રમાણે હતાં:

૧. ઇન્ટ્રોડક્શન ઓફ ફુડ, ન્યુટ્રીશનલ આસ્પેક્ટ્સ એન્ડ સેફ્ટી સ્ટાન્ડર્ડ્સ
૨. ઇન્ટ્રોડક્શન ઓફ લેબોરેટરી એક્રિડિટેશન
૩. ઇકો-ફ્રેન્ડલી મેઇન્ટેનન્સ ઓફ ફુડ લેબોરેટરી
૪. ઇકો-ફ્રેન્ડલી લેબોરેટરી વેસ્ટ મેનેજમેન્ટ
૫. ઇન્ટ્રોડક્શન ટુ કેમિકલ લેબોરેટરી એન્ડ માઇક્રોબાયોલોજી લેબોરેટરી
૬. ગુડ ફુડ લેબોરેટરી પ્રેક્ટિસિસ
૭. ફુડ સેફ્ટી, ટેસ્ટ મેથડ્સ એન્ડ પર્સનલ રિક્વાયરમેન્ટ્સ વગેરે. કેલિબ્રેશન એન્ડ પર્ફોમન્સ એસેસમેન્ટ એન્ડ પરચેઝ ઓફ કન્ઝ્યુમેબલ્સ /ઇક્વિપમેન્ટ, સેમ્પલિંગ અને સેમ્પલ હેન્ડલિંગ, સ્ટોરેજ એન્ડ હેન્ડલિંગ ઓફ કેમિકલ્સ, સેફ્ટી ઇન કેમિકલ લેબોરેટરી, ફુડ ક્વોલિટી ટેસ્ટિંગ વગેરે.
૮. અન્ડરસ્ટેન્ડિંગ ઓફ બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ, સર્ટિફાઇડ સ્ટાન્ડર્ડ રેફરન્સ મટિરિયલ્સ અને એલિમેન્ટલ એનાલિસિસ ઓન ફુડ પ્રોડક્ટ્સ
૯. NABL અને તેનું મહત્વ, સર્ટિફાઇડ રેફરન્સ મટિરિયલ્સ/ સ્ટાન્ડર્ડ્સ એન્ડ રેફરન્સ, ઊછ મેન્યુઅલ, રિપોર્ટિંગ વગેરે.
૧૦. ફુડ ઇન્ડસ્ટ્રી અને સસ્ટેનિબિલિટી
૧૧. સેમ્પલ લેબલિંગ, કન્ટ્રોલ અને સ્ટોરેજ, ડોક્યુમેન્ટેશન
૧૨. ડિટેક્શન ઓફ ફુડ એડલ્ટરેશન વીથ રેપિડ ટેસ્ટ.
૧૩. ઇન્ટ્રોડક્શન ઓફ બેઝિક લેબોરેટરી ઇક્વિપમેન્ટ એન્ડ ધેર ફન્કશન્સ.
૧૪. ફુડ સેફ્ડી ક્વોલિટી ટેસ્ટિંગ
૧૫. ફુડ ઇન્ડસ્ટ્રી એન્ડ સસ્ટેનિબિલિટી
૧૬. FSSAI ગાઇડલાઇન્સ
૧૭. સર્ટિફાઇડ રેફરન્સ મટિરિયલ્સ એન્ડ સ્ટાન્ડર્ડ્સ એન્ડ ફુડ પ્રોડક્ટ્સમાં
૧૮. એલિમેન્ટલ એનાલિસિસ આંત્રપ્રિન્યોરિયલ ઓપર્ચ્યુનિટિઝ ઇન લેબોરેટરી ટેસ્ટિંગ, ફાઇનાન્સ એન્ડ બેન્કિંગ ફોર આંત્રપ્રિન્યોર્સ આંત્રપ્રિન્યોરશીપ એન્ડ સ્મોલ બિઝનેસ સ્ટાર્ટઅપ્સ
૧૯. વેસ્ટ મિનિમાઇઝેએશન એન્ડ /ગ્રીનર ક્લિનર પ્રોડક્શન
૨૦. એક્સરસાઇઝ એન્ડ એસેસમેન્ટ

### ગેલેરી







### તાલીમ

કોર્સ મોડ્યુલમાં જણાવવામાં આવેલા મુદ્દાઓ પ્રમાણે પદ્ધતિસરની તાલીમ આપવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીને ટ્રેઇનિંગ કિટ આપવામાં આવી હતી, જેમાં ટ્રેઇનિંગ મેન્યુઅલ, સ્ટેશનરી આઇટમ્સ, એપ્રન્સ, સેફ્ટી ગોગલ્સ, ગ્લોઝ અને નેપકિન જેવાં લેબોરેટરી પ્રોટેક્શન ગિયર વગેરેનો સમાવેશ થાય છે. આ તાલીમ દ્વારા ફુડ ટેસ્ટિંગ અને ગુડ લેબોરેટરી પ્રેક્ટિસિસનાં વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા હતા. બેઝિક એનાલિટિકલ ટેકનિક્સઃ ખોરાકમાં કોમન પેરામિટર્સ માટેની ટેસ્ટ મેથડ્સ, જેમ કે મોઇશ્ચર કન્ટેન્ટ, એશ, એસિડ ઇનસોલ્યુબલ એશ, એસિડિટી, ફેટ, પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, મિનરલ્સ અને એડલ્ટરેશન વગેરે.

ટ્રેઇનિંગ મેન્યુઅલ એવી રીતે તૈયાર કરવામાં આવ્યું છે કે અસરકારક શિક્ષણ અને શીખવાની વ્યૂહરચનાનું પાલન કરીને સ્ટાન્ડર્ડાઇઝડ, તાર્કિક અને પદ્ધતિસર રીતે જરૂરી માહિતી પૂરી પાડી શકાય. મેન્યુઅલમાં જનરલ લેબોરેટરી ઇક્વિપમેન્ટ્સ અને BIS સ્પેસિફિકેશન પ્રમાણે ટેસ્ટ મેથડ માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર્સ (એસઓપી) આપવામાં આવી છે. ટ્રેઇનિંગ મેન્યુઅલમાં સેફ્ટી અને ક્વોલિટી કન્ટ્રોલ માટેનાં નિયમોની વિગતો અને ફુડ લેબોરેટરીમાં કાર્યરત કર્મચારીઓ અંગેની માહિતી છે. લેબોરેટરી સ્ટાફની સમજણ સરળ બનાવવા ફુડ ઇન્ડસ્ટ્રીમાં કાર્ય પ્રવાહ પ્રમાણે મેન્યુઅલ બનાવવામાં આવ્યું છે. કોમ્પ્રિહેન્સિવ મેન્યુઅલમાં તાલીમાર્થીઓની સરળતા માટે ફુડ લેબોરેટરી અંગે ચોક્કસ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર્સ પણ છે.

### ફિલ્ડ વિઝિટ

૧. ૫ માર્ચ, ૨૦૨૨નાં રોજ અત્યાધુનિક ફુડ ટેસ્ટિંગ સુવિધા ધરાવતી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પબ્લિક હેલ્થ લેબોરેટરરીની સ્ટડી ટ્રિપનું આયોજન કરવામાં આવી હતી

૨. ૯ માર્ચ, ૨૦૨૨નાં રોજ વાડીલાલ ઇન્ડસ્ટ્રીઝ, ગાંધીનગરની ફિલ્ડ વિઝિટ

૩. ૧૧ માર્ચ, ૨૦૨૨નાં રોજ ફુડ સેફ્ટી ઓન વ્હિલ્સની મુલાકાત ગોઠવવામાં આવી

૪. ૧૨ માર્ચ, ૨૦૨૨નાં રોજ અતુલ બેકરી, ગાંધીનગરની સ્ટડી ટુર ગોઠવવામાં આવી હતી

૫. ૧૧ માર્ચ, ૨૦૨૨નાં રોજ વિમતા લેબોરેટરીઝની ફિલ્ડ વિઝિટ

૬. ૨૧ માર્ચ, ૨૦૨૨નાં રોજ અમુલ ફેડ ડેરી, ભાટની સ્ટડી ટુર ગોઠવવામાં આવી હતી

૭. ૨૬ માર્ચ,૨૦૨૨નાં રોજ ગુજરાત લેબોરેટરીની સ્ટડી ટુર ગોઠવવામાં આવી હતી



વિમતા લેબોરેટરીઝ, અમદાવાદ




અમુલ ફેડ ડેરી, ભાટ, ગાંધીનગર



અતુલ બેકરી, ગાંધીનગર




ગુજરાત લેબોરેટરી, અમદાવાદ

### મૂલ્યાંકન અને એસેસમેન્ટ

લેવલ ૬ NSQF ક્વોલિફિકેશન્સ માટે એસેસમેન્ટ માપદંડને આધારે તાલીમાર્થીઓનું અંતિમ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેમનાં ફિલ્ડ વિઝિટ રિપોર્ટ્સ, જર્નલ્સ, ક્લાસરૂમ પ્રેઝન્ટેશન્સ અને લેખિત પરીક્ષાનાં આધારે પણ તેમને ગ્રેડ આપવામાં આવ્યા હતા.

### સમાપન સમારોહ

બે મહિનાના તાલીમ કાર્યક્રમને અંતે ૩૧ માર્ચ, ૨૦૨૨નાં રોજ સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો. ENVIS પ્રોજેક્ટના પ્રોગ્રામ ઓફિસર દિવ્યા નામ્બુથિરીએ ENVIS સ્કીમ અને તેની અંતર્ગત દેશભરમાં ચલાવવામાં આવતા GSDP પ્રોગ્રામ્સની ઝાંખી સાથે સત્રની શરૂઆત કરી હતી. CERCના સીઇઓ અને બોર્ડ સેક્રેટરી શ્રી ઉદય માવાણીએ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું અને ૨૦૩૦ ગોલ્સ હાંસલ કરવા વડાપ્રધાને વ્યક્ત કરેલી પ્રતિબધ્ધતામાં CERC-ENVIS નાં પ્રદાનની મંત્રાલયે કરેલી પ્રશંસાનો અને સસ્ટેનેબલ એન્વાર્યનમેન્ટ તરફ ૨૦૪૭ વિઝન ઓફ લાઇફનો ઉલ્લેખ કર્યો હતો. CERCના ચેરમેન શ્રી પ્રફુલ અમીને સમાપન સમારોહને સંબોધન કર્યું હતું, જેમાં તેમણે ગ્રીન સ્કિલિંગનું મહત્વ અને ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ ટેસ્ટિંગ અને ફુડ ટેસ્ટિંગમાં સીઇઆરસીના પ્રદાનનો ઉલ્લેખ કર્યો હતો. અતિથિ વિશેષ શ્રી સુમિત સેનગર, બીઆઇએસ હેડ, અમદાવાદે શ્રોતાઓને બીઆઇએસ સ્ટાન્ડર્ડ્સ અને ભારતમાં તેનાં ઉદભવ અંગે માહિતી આપી હતી. મુખ્ય અતિથી શ્રી કલ્પેશ ગાંધી, મેનેજિંગ ડિરેક્ટર, વાડીલાલ ઇન્ડસ્ટ્રીઝે બીઆઇએસના ક્વોલિટી સ્ટાન્ડર્ડ્ઝ અને FSSAI દ્વારા હાઇજીન સ્ટાન્ડર્ડ્ઝ અંગે પોતાનો અભિપ્રાય રજૂ કરતાં જણાવ્યું હતું કે, તેનાં પર વધુ ફોકસ કરવાની અને યુરોપ તથા અન્ય વિકસિત દેશોનાં ધોરણોની સમકક્ષ થવાની જરૂર છે.

FSSAIના આસિસ્ટન્ટ ડિરેક્ટર સુકન્યા પોંડુગાલાએ વિદ્યાર્થીઓને ક્વોલિટી એનાલિસ્ટ તરીકે કામ કરતી વખતે રિપોર્ટિંગમાં કોઇ સમાધાન ન કરવા જણાવ્યું હતું. ENVIS કોઓર્ડિનેટર અને CGM CERC અનિંદિતા મહેતાએ ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ્સ જેવા GSDP સર્ટિફિકેટ પ્રોગ્રામમાં સમાવિષ્ટ નવી પહેલ અને પ્રતિષ્ઠિત નિષ્ણાતના લેક્ચર્સ અંગે જણાવ્યું હતું. દીપિકા ચૌહાણે ફિલ્ડ વિઝિટના લાભ અને પ્રોગ્રામ દરમિયાન યોજવામાં આવેલા નિષ્ણાત લેક્ચર્સ અંગે માહિતી આપી હતી.

CERC- ENVIS, રિસોર્સ પાર્ટનર પ્રોગ્રામિંગ ઓફિસર દિવ્યા નામ્બુથિરીએ આભારવિધી કરી હતી, જ્યારે CERC- ENVIS ના ઇન્ફોર્મેશન ઓફિસર અપેક્ષા શર્માએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. મંચ પર ઉપસ્થિત મહાનુભાવો અને કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા વિશેષ અતિથીઓનાં હસ્તે GSDP કમ્પિલેશન સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.






## પ્લેસમેન્ટ એક્ટિવિટી

તમામ તાલીમાર્થીઓના CV સાથે પ્લેસમેન્ટ બ્રોશર તૈયાર કરવામાં આવ્યું હતું અને ટેસ્ટિંગ લેબોરેટરીઝ, ફુડ ઇન્ડસ્ટ્રીઝ અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂશન્સ વગેરે સંભવિત એમ્પ્લોયર્સને વહેંચવામાં આવ્યું હતું.

કેટલાંક ઉમેદવારોનું પ્લેસમેન્ટ પરિશીલ લેબોરેટરીઝ, VIMTA લેબોરેટરીઝ, CERC, ગુજરાત લેબોરેટરીમાં કરવામાં આવ્યું હતું. એક ઉમેદવારની ભરતી CERC દ્વારા, કેમિકલ લેબોરેટરીમાં આસિસ્ટન્ટ તરીકે કરવામાં આવી હતી. તાલીમાર્થીઓને પબ્લિક/પ્રાઇવેટ સેક્ટર્સમાં નોકરી અંગે કારકિર્દી માર્ગદર્શન અને ટેસ્ટ તથા ઇન્ટરવ્યુ માટે કઇ રીતે તૈયારી કરવી તેની માહિતી આપવામાં આવી હતી. બિઝનેસ સ્ટાર્ટઅપ શરૂ કરવાની ઈચ્છા ધરાવતા તાલીમાર્થીઓને નિષ્ણાતો દ્વારા આંત્રપ્રિન્યોરશીપ ગાઇડન્સ આપવામાં આવી હતી,,અને તાલીમ પૂરી થઈ જાય પછી પણ સહાયની ખાતરી આપવામાં આવી હતી.

## પ્રતિભાવ

હું વૈદેહી આપ્ટે, દેવાસ, મધ્યપ્રદેશની રહેવાસી છું. મને GSDP વેબસાઇટ પરથી આ કોર્સની માહિતી મળી. આ કોર્સને થિયરી, પ્રેક્ટિકલ અને ફિલ્ડ વિઝિટ એમ ત્રણ ભાગમાં વિભાજીત કરવામાં આવ્યો હતો. થિયરી સેશનને ઊંચી ક્વોલિફિકેશન ધરાવતા નિષ્ણાતોએ સંબોધી હતી, જેમની સાથે અમને વાતચીત અને નેટવર્ક કરવાની પણ તક મળી હતી. અમને વિવિધ લેબોરેટરીઝ અને ફુડ પ્રોસેસિંગ યુનિટ્સમાં લઇ જવામાં આવ્યા હતા જ્યાં અમને ફુડ ટેસ્ટિંગ, પ્રોસેસિંગ અને એનાલિસિસ વિષે જાણવા મળ્યું હતું. પ્રેક્ટિકલ દરમિયાન અમને ફુડ સેમ્પલનું ક્વોલિટી એનાલિસિસ અને ખોરાકમાં ભેળસેળ અંગે પાયાની માહિતી આપવામાં આવી હતી. કનકલતા ગોસ્વામીએ રૂબરૂ ટ્રેઇનિંગ એનાલિસિસ અને ટેસ્ટિંગ કરાવ્યું હતું. અંતે, હું અમને ઉદારતા પૂર્વક મદદ કરવા બદલ CERC-ENVIS ની સમગ્ર ટીમનો આભાર માનું છું.


-વૈદેહી આપ્ટે

હું દ્રષ્ટિ હાલોલી નાશિક, મહારાષ્ટ્રની રહેવાસી છું. મને યુ ટ્યુબ ચેનલ દ્વારા આ કોર્સની જાણકારી મળી. અમને એએમસી, ગુજરાત લેબોરેટરી અને વિમતા લેબોરેટરી જેવી સારી લેબોરેટરીની મુલાકાત લેવાની તક મળી. અમે વાડીલાલ ઇન્ડસ્ટ્રીઝ, મધર ડેરી અને અતુલ બેકરી જેવાં ફુડ પ્રોસેસિંગ ઉદ્યોગોની મુલાકાત લીધી. કેટલાંક હાઇ પ્રોફેશનલ્સે અમને રસપ્રદ લેક્ચર્સ આપ્યા, જેની અમને બિલકુલ જાણ ન હોતી. એ પછી અમને CERC લેબ ખાતે રૂબરૂ ફુડ ટેસ્ટિંગ ટ્રેઇનિંગ આપવામાં આવી હતી. CERC ના સ્ટાફે ખૂબ મદદ કરી. અમને તાલીમ લેવાની તક આપવા બદલ હું આપની ખૂબ આભારી છું અને સસ્ટેનિબિલિટીને પ્રોત્સાહન આપવા માટે આવી પહેલ કરવા બદલ હું મંત્રાલયનો પણ આભાર માનું છું. આ કોર્સનો હિસ્સો રહેવા બદલ હું ખૂબ ખુશ અને નસીબદાર અનુભવું છું. હું મારા સાથીઓ અને મિત્રોને આ કોર્સ કરવા ચોક્કસ ભલામણ કરીશ. ફુડ ટેસ્ટિંગ ફિલ્ડમાં સાતત્યપૂર્ણતાને પ્રોત્સાહન આપતો આ કોર્સ મારાં માટે ખૂબ મદદરૂપ હતો અને તે સમાજને પણ લાભદાયક નીવડશે. આભાર


-દ્રષ્ટિ હાલોલી

મને મારા મિત્ર પાસેથી આ કોર્સની માહિતી મળી. મને ફુડ ટેસ્ટિંગ અંગે અને નવી લેબોરેટરી સ્થાપવા માટે ધ્યાનમાં લેવાના માપદંડો અંગે જાણવા મળ્યું. અત્યંત સિનિયર ફેકલ્ટી પાસેથી આ વિષયનું જ્ઞાન વધારવામાં મદદ મળી. મને વિવિધ લેબોરેટરીઝ અને ઉદ્યોગોની ફિલ્ડ વિઝિટ દરમિયાન HPLC, GC, IC, UV – VIS જેવાં અત્યાધુનિક સાધનો અંગે શીખવા મળ્યું. આ તક આપપા બદલ હું CERC-ENVIS નો આભાર માનું છું, જે મને ભવિષ્ય માટે મદદરૂપ નીવડશે.



- આશિષ રાનપુરા

# સર્ટિફિકેટ કોર્સ : ‘લેબોરેટરી ટેકનિશિયન્સ/ટેકનિકલ આસિસ્ટન્ટ્સ ફોર એનર્જી એફિશિયન્સી ,સ્ટાર લેબલિંગ એન્ડ અધર ઇલેક્ટ્રિકલ ટેસ્ટિંગ ફોર એન્વાર્યનમેન્ટલ ક્રાઇટેરિયા’

**શ્વેતા મહાજન**
ટ્રેઇનિંગ ઇન-ચાર્જ અને જનરલ મેનેજર-ઇલેક્ટ્રિકલ
કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર,
અમદાવાદ.

ઇલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ માટેની ગ્રીન સ્કિલ્સ આવશ્યક છે કારણ કે એનર્જી એફિશિયન્સી સ્કિલ્સ અને રીન્યુએબલ એનર્જી સ્કિલ્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ હાંસલ કરવામાં મદદ કરે છે અને એ રીતે પર્યાવરણ જાળવણીમાં પ્રદાન કરે છે. અમારો અભ્યાસક્રમ પર્યાવરણીય સાતત્યતા પ્રત્યે કેન્દ્રીત છે.અમારા ૨૬૪ કલાકનાં ટ્રેઇનિંગ પ્રોગ્રામમાં અમે ઊર્જા વપરાશમાં ઘટાડો, ગ્રીન હાઉસ ગેસમાં ઘટાડો કરવા અંગે જ્ઞાન આપીએ છીએ અને કાર્બન ફુટ પ્રિન્ટ્સ ઘટાડવા માટેનાં કુદરતી સંસાધનો જાળવવા સેલ્ફ મોટિવેશન વિકસાવવા તાલીમ આપીએ છીએ. આ પ્રોગ્રામનો હેતુ એવા સક્ષમ એન્જિનિયર્સ અને ટેકનિશિયન્સ તૈયાર કરવાનો છે, જેઓ ગ્રીન સ્કિલ્સ સમજીને તેનો પ્રયોગ કરે અને પર્યાવરણને અનુકુળ ઊર્જાનાં વિકાસ અને ઉપયોગમાં પ્રદાન કરે. આબોહવા સ્થિતિસ્થાપકતા સુધારવા માટે ટેક્નોલોજી, પ્રોડક્ટ્સ અને પ્રોસેસ તૈયાર કરીને તેને અપનાવવા અંગેની જાણકારી મેળવીને ઉમેદવારો ઘરમાં તથા ઉદ્યોગ સ્તરે ઊર્જા કાર્યક્ષમતાં પગલાં લેવા સક્ષમ બની શકે.




## ઉમેદવારોની પસંદગી

ટ્રેઇનિંગ કોર્સ અંગેની જાહેરાત અખબારો, વેબ સાઇટ અને અન્ય તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મમાં આપવામાં આવી હતી. આ કોર્સ માટે કુલ ૧૩૯ અરજીઓ આવી હતી. પાત્ર ઉમેદવારોને શોર્ટલિસ્ટ કર્યા બાદ પસંદગી સમિતિ દ્વારા ફાઇનલ ઇન્ટરવ્યુ (ઓફલાઇન અને ઇ-પ્લેટફોર્મ દ્વારા) લેવામાં આવ્યા હતા. ટેકનિકલ અને ક્ષમતાઓને આધારે ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી.

## તાલીમ કાર્યક્રમનું ઉદઘાટન

૭ ફેબ્રુઆરી, ૨૦૨૨નાં રોજ CERCના કોન્ફરન્સ હોલ ખાતે ઉદઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. CERC ના સીઇઓ અને બોર્ડ સેક્રેટરી શ્રી ઉદય માવાણીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથી ડો. અશોકા ઘોષ, એડવાઇઝરી મેમ્બર, CERC-ENVIS એ વિદ્યાર્થીઓને GSDPનું માળખું અને તેનાં લાભ, ગ્રીન સ્કિલ્સ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ અંગે ઇ-પ્લેટફોર્મ દ્વારા માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને સસ્ટેનેબલ ફ્યુચર માટે પ્રદાન કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

CERC ENVIS નાં પ્રોગ્રામ ઓફિસર દિવ્યા નામ્બુથિરીએ વિદ્યાર્થીઓને CERC ખાતે ENVIS પ્રોજેક્ટ હેઠળ હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિ અને ઇકો-ફ્રેન્ડલી અને ઇકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ અંગે માહિતગાર કર્યા હતા. શ્વેતા મહાજન, GM, ઇલેક્ટ્રિકલ અને કોર્સ ઇન-ચાર્જે વિદ્યાર્થીઓને આ કોર્સ દ્વારા ગ્રીન સ્કિલ્સ અને ટેકનિકલ સ્કિલ્સ હાંસલ કરવાના લાભ અંગે જણાવ્યું હતું. ડિપાર્ટમેન્ટ હેડ્સ દ્વારા ઉમેદવારોને CERC ના વિઝન અંગે માહિતી આપવામાં આવી હતી.










## તાલીમ

૦૭/૦૨/૨૦૨૨ થી ૦૫/૦૪/૨૦૨૨ દરમિયાન તાલીમ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. તમામ તાલીમાર્થીઓને કિટ આપવામાં આવી હતી, જેમાં કોર્સ મટિરિયલ, ટ્રેઇનિંગ મેન્યુઅલ, સ્ક્રુ ડ્રાઇવર સેટ, સેફ્ટી હેલમેટ્સ, સ્ટેશનરી આઇટમ્સ, માસ્ક અને સેનિટાઇઝરનો સમાવેશ થતો હતો. ટ્રેઇનિંગ મેન્યુઅલમાં વિવિધ ટોપિક આવરી લેવામાં આવ્યા હતા, જેમ કે ટેસ્ટ સેટઅપની તૈયારી માટે જરૂરી લેબોરેટરી ટુલ્સની ઓળખ, ટેસ્ટિંગ માટે જરૂરી ઇન્સ્ટ્રુમેન્ટ્સ અને ઇક્વિપેન્ટ્સની ઓળખ, ટેસ્ટિંગ દરમિયાન જરૂરી કન્ઝ્યુમેબલ્સ, ઇન્સ્ટ્રુમેન્ટ્સના કેલિબ્રેશનનું જ્ઞાન, ટેસ્ટ સિસ્ટમનું ઇન્સ્પેક્શન, પ્રાઇમરી મેઇન્ટેનન્સ અને ઇન્ટરમિડિયેટ/ક્રોસ વેરિફિકેશન્સ સહિતનાં દરેક એનાલિસિસનો રેકોર્ડ રાખવા માટે સ્ટાન્ડર્ડાઇઝ ફોર્મેટનો સમાવેશ થાય છે. તેમાં ઇલેક્ટ્રિકલ ટેસ્ટિંગ અને લેબોરેટરી ઓપરેશન્સ માટે ફરજિયાત સેફ્ટી જરૂરિયાતો અને લેબોરેટરી એક્રિડિટેશન માટે સરળ ટેસ્ટ પ્રોસિજર્સ સાથેની ક્વોલિટી સિસ્ટમને આવરી લેવામાં આવી છે. મેન્યુઅલમાં સ્ટાર લેબલિંગ ક્રાઇટેરિયા અને સસ્ટેનેબલ ફ્યુચર માટે ઉદ્યોગ દ્વારા અપનાવવામાં આવતી ઇકો-ફ્રેન્ડલી પ્રેક્ટિસિસના કન્સેપ્ટને સરળ રીતે રજૂ કરવામાં આવ્યા છે. તેમાં ઇકો-ફ્રેન્ડલી સ્ટાર લેબલ્ડ ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સ ઓળખવાની પદ્ધતિઓ, બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી દ્વારા એનર્જી સ્ટાર લેબલિંગ માપદંડ હેઠળ આવરી લેવાયેલી ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સ, પર્યાવરણીય માપદંડ માટે ટેસ્ટિંગ ટેકનિક, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે ગ્રીન સ્કિલ્સ, જળવાયુ પરિવર્તનના વૈશ્વિક પડકારો પ્રત્યે પ્રદાન કરવા ઊર્જા બચત માટે કેળવવાની આદતો અને સલાહનો સમાવેશ થાય છે. ગુજરાત ક્લિનર પ્રોડક્શન સેન્ટર, ફેલો ENVIS અને રિસોર્સ પાર્ટનર, ગાંધીનગર દ્વારા તાલીમાર્થીઓને ક્લિનર પ્રોડક્શન અને વેસ્ટ મિનિમાઇઝેશન અંગેનું વધુ એક મેન્યુઅલ પૂરું પાડવામાં આવ્યું હતું.

## આવરી લેવાયેલાં મહત્વનાં મુદ્દા

કંપનીઓ નોકરી વાંચ્છુઓ પાસેથી કેવી અપેક્ષા રાખે છે તેને આધાર પર અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. અભ્યાસ ક્રમને સર્વગ્રાહી બનાવવા માટે ઉદ્યોગના નિષ્ણાતો અને વિષય નિષ્ણાતો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા હતા. અભ્યાસક્રમમાં પ્રોફેશનલ નોલેજ, પ્રોફેશનલ સ્કિલ્સ, કોર સ્કિલ્સ, જવાબદારી અને પ્રોસેસ જેવી ક્ષમતા સંબંધિત વ્યાપક કેટેગરીને આવરી લેવામાં આવી હતી.

૧. ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સ ટેસ્ટિંગ લેબોરેટરી માટે મેન્ડેટરી સેફ્ટી રીક્વાયરમેન્ટ,
૨. ક્વોલિટી સિસ્ટમ અને ટેકનિકલ રિક્વાયરમેન્ટ્સ
૩. કન્ફર્મિટી એસેસમેન્ટ માટે સંબંધિત ટેસ્ટ મેથડ્સની વિગતો
૪. ઇકો-ફ્રેન્ડલી સ્ટાર લેબલ્ડ ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સ ઓળખવાની પદ્ધતિઓ
૫. બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી દ્વારા એનર્જી સ્ટાર લેબલિંગ ક્રાઇટેરિયા હેઠળ આવરી લેવામાં આવેલી ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સની વિગતો, પર્યાવરણીય માપદંડો માટે ટેસ્ટિંગ ટેકનિક્સ
૬. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટેની ગ્રીન સ્કિલ્સ, જળવાયુ પરિવર્તનનાં વૈશ્વિક પડકારો પ્રતિ પ્રદાન કરવા ઊર્જા ખર્ચ બચાવવાની સલાહ અને આદતો.
૭. સબમર્સિબલ પમ્પ સેટ્સ માટે ઊર્જા કાર્યક્ષમ મોટર્સના ઉત્પાદનની પ્રક્રિયા, ખોટની ગણતરી અને કાર્યક્ષમતા શોધવી.

૮. ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સ, હોમ એપ્લાયન્સિસ અને એક્સેસરીઝનાં અવાજથી થતું પર્યાવરણ પ્રદૂષણ.

૯. અવાજનું માપાંકન અને અવાજ ઘટાડવાની પધ્ધતિઓ.

૧૦. ઉત્પાદકો દ્વારા પાલન થતી ગ્રીન પ્રેક્ટિસિસ.

૧૧. ઇલેક્ટ્રિકલ મશીન્સમાં તાજેતરનાં પ્રવાહો.

૧૨. ગ્રીન ફ્યુચર (ટાઇપ્સ અને બેઝિક્સ) માટે અક્ષય ઊર્જા પ્રોડક્ટ્સ.

### ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટસ અને હોમ એપ્લાયન્સિસ માટે રૂબરૂ તાલીમ

કોર્સ મોડ્યુલમાં નિર્દિષ્ટ કરવામાં આવેલા મુદ્દાઓ પ્રમાણે પધ્ધતિસરની પ્રેક્ટિકલ ટ્રેઇનિંગ હાથ ધરવામાં આવી હતી. ઉમેદવારોને સાઉન્ડ લેવલ મેઝરમેન્ટ, એર ફ્લો મેઝરમેન્ટ, એનર્જી કન્ઝમ્પ્શન અને સ્ટાર લેબલ માટેનાં ડેરિવેશન્સની માહિતી આપવામાં આવી હતી. તેમની સમક્ષ આ ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સનું ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવ્યું હતુંઃ એલઇડી લેમ્પ, એલઇડી ફ્લોરોસન્ટ ટ્યુબ્સ, એલઇડી નાઇટ લેમ્પ્સ, સ્ટાર રેટેડ ફેન, ફેન રેગ્યુલેટર્સ, એક્ઝોસ્ટ ફેન્સ, ફ્રેશ એર ફેન્સ, રેફ્રીજરેટર્સ, હેન્ડ બ્લેન્ડર્સ, મિક્સર્સ/ગ્રાઇન્ડર્સ અને ફુડ પ્રોસેસર્સ. વીજ વપરાશ ઘટાડવાથી વીજળીની માંગ ઘટે છે અને તેને પગલે જીવાશ્મ ઇંધણ (કોલસો) માટેની માંગ ઘટે છે અને કાર્બન ફુટપ્રિન્ટ ઘટે છે એ અંગે ઉમેદવારોને સમજણ આપવામાં આવી હતી. આમ, એન્જિનિયરીંગની નેચરલ ફિલોસોફીની સ્પષ્ટ સમજણ આપવામાં આવી હતી, જેમાં એન્જિનિયરીંગ ઓપરેશન્સની પ્યોર ફિલોસોફી અને મેઇન્ટેન્સ અને એટિટ્યુડની ફિલોસોફીને લગતાં મેથેમેટિકલ અને સાયન્ટિફિક નોલેજનો સમાવેશ થાય છે.









### સબમર્સિબલ પમ્પ સેટ ટેસ્ટિંગનું ડેમોન્સ્ટ્રેશન

ઉમેદવારોને સબમર્સિબલ પમ્પ્સ અંગે ભારતીય માપદંડોનાં અર્થઘટનની કાર્યપધ્ધતિ તથા મુખ્ય સ્પેસિફિકેશન અને એમેન્ડમેન્ટ્સના સંબંધિત સંદર્ભો અંગે સમજૂતિ આપવામાં આવી હતી. તેમને ટેસ્ટ કરવા માટે જરૂરી ટેસ્ટ સિસ્ટમ્સ, ઇક્વિપમેન્ટ્સ, ઇન્સ્ટ્રુમેન્ટ્સ અને ટેસ્ટ સેટઅપથી માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમને ક્વોન્ટિટેટિવ સાયન્ટીફિક ડેટા, સ્પ્રેડ શીટ્સ અને ગ્રાફ્સ મેળવવા માટે ઇન્સ્ટ્રુમેન્ટલ એનાલિસિસથી સુમાહિતગાર કરવામાં આવ્યા હતા. તેમને સિક્વન્શિયલ ટાઇપ ટેસ્ટ અને પ્રોડક્ટ્સનું ડી-સેક્શનની માહિતી આપવામાં આવી હતી.

### ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ ફેકલ્ટી મેમ્બર્સ

નીચે જણાવેલા ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ ફેકલ્ટી મેમ્બર્સ/ નિષ્ણાતોએ પોતાના પ્રેઝન્ટેશન દ્વારા તાલીમ કાર્યક્રમને રસપ્રદ અને સફળ બનાવ્યો હતો.

### ઇન્ટર્નલ ફેકલ્ટીઃ

૧. શ્વેતા મહાજન જનરલ મેનેજર-ઇલેક્ટ્રિકલ, CERC

૨. જીગર ડોડિયા આસિસ્ટન્ટ ઇજનેર-ઇલેક્ટ્રિકલ, CERC

### એક્સ્ટર્નલ ફેકલ્ટીઃ

૧. મિહિર વસાવડા (વિષય નિષ્ણાત)
ટોપિકઃ એનર્જી એફિશિયન્ટ મશીન્સ (લેટેસ્ટ ટ્રેન્ડ્સ)

૨. જી ટી પંચાલ (ઉદ્યોગ નિષ્ણાત)
ટોપિકઃ મોટર્સમાં પાવર લોસ

૩. ગોવિંદ ઝાલા (ઉદ્યોગ નિષ્ણાત- ડેમોન્સ્ટ્રેશન માટે)
ટોપિકઃ પમ્પ સેટ્સની ઊર્જા કાર્યક્ષમતા માટે ટેસ્ટિંગ ટેકનિક્સ.

૪. અરવિંદ સોઠા (ઉદ્યોગ નિષ્ણાત- ડેમોન્સ્ટ્રેશન માટે)
ટોપિકઃ IS ૮૦૩૪, IS૯૨૮૩ અને IS૧૧૩૪૮ પ્રમાણે ટેસ્ટ્સ અંગે ડેમોન્સ્ટ્રેશન

૫. ડો. ભરત જૈન, મેમ્બર સેક્રેટરી, GCPC અને પ્રોજેક્ટ કોઓર્ડિનેટર, GCPC ENVIS RP
ટોપિકઃ ક્લિનર પ્રોડક્શન, વેસ્ટ મિનિમાઇઝેશન અને ગ્રીનર પ્રોડક્શન

૬. હીરેન સેઠ (સ્ટાર્ટઅપ)
ટોપિકઃ પ્રોડક્ટ સસ્ટેનિબિલિટી પર સ્ટાર્ટ અપ

૭. અતુલ શાહ (વિષય નિષ્ણાત)
ટોપિકઃ અક્ષય ઊર્જા- વ્યવહારીક અભિગમ.

૮. ધર્મેન્દ્ર પંચાલ (ઉદ્યોગ નિષ્ણાત)
ટોપિકઃ ઉદ્યોગોમાં ઊર્જા કાર્યક્ષમતા માટે આધુનિક CNC મશીન્સ.

### આંત્રપ્રિન્યોરશીપ અંગે માહિતી આપવા આમંત્રિત ફેકલ્ટી મેમ્બર્સ

૧. કશ્યપ વચ્છરાજાણી,
ટોપિક: ફાઇનાન્સ અને બેન્કિંગ ફોર આંત્રપ્રિન્યોર્સ

૨. ચંદ્રમૌલી પાઠક, આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ
ટોપિક: આંત્રપ્રિન્યોરશીપ અને સ્મોલ બિઝનેસ સ્ટાર્ટઅપ્સ

### ફિલ્ડ વિઝિટ/ઇન્ડસ્ટ્રીયલ એક્સપોઝર

૧. મેસ્કોટ પમ્પ્સ લિમિટેડની મુલાકાત

૨. જેકે લક્ષ્મી સિમેન્ટ લિમિટેડની મુલાકાત

૩. ઇન્ડો જર્મન ટુલ રૂમની મુલાકાત

૪. BIS, અમદાવાદની મુલાકાત

૫. ઉમિયા ઇન્ડસ્ટ્રીઝની મુલાકાત

૬. iHub સેન્ટર, એલડી એન્જિનિયરીંગ કોલેજ, અમદાવાદની મુલાકાત

૭. ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી, GISC સેન્ટર, અમદાવાદનાં ઇનોવેશન અને સ્ટાર્ટઅપ સેન્ટરની મુલાકાત.

### ગેલેરી











મેસ્કોટ પમ્પ્સ લિમિટેડની મુલાકાત




ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી - ઇનોવેશન અને સ્ટાર્ટઅપ સેન્ટરની મુલાકાત.




ઇન્ડો જર્મન ટુલ રૂમની મુલાકાત



ઉમિયા ઇન્ડસ્ટ્રીઝની મુલાકાત

### કારકિર્દી માર્ગદર્શન અને ઉમેદવારોનું પ્લેસમેન્ટ

પ્રોફેશનાલિઝમ અને એથિક્સ, આંતરિક વાતચીત, ક્વોલિટી કોન્શિયસનેસ, જવાબદેહિતા અને પ્રોફેશનલ સ્કિલ્સ અને લીડરશીપ ક્વોલિટી સાથે કોમ્પિટન્સ લેવલ અંગે કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કંપની ઇન્ટરવ્યુની તકો અને અનુભવ આપવા માટે નીચે જણાવેલી કંપનીઓના એચઆર વિભાગોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

લા-ગજ્જર મશીનરીઝ પ્રાઇવેટ લિમિટેડ અમદાવાદ, વોટરમેન ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ ચાંગોદર, સોલેન્સ બેટરીઝ, અમુલ ફેડ ડેરી, એમબીએચ પમ્પ્સ પ્રાઇવેટ લિમિટેડ, નિર્મલ એનર્જી પ્રાઇવેટ લિમિટેડ, સોલર ઇન્ડસ્ટ્રી વડોદરા, સોલર ઇન્ડસ્ટ્રી ગાંધીનગર, સોલિઓસ સોલર પાવર લિમિટેડ, સાયન્સ સિટી અમદાવાદ, MSEB, ઓર્ડનન્સ ફેક્ટરી, NTPC, સોલર પેનલ પ્લાન્ટ મુન્દ્રા

### તાલીમબધ્ધ ઉમેદવારોનું અંતિમ મૂલ્યાંકન

લેવલ ૬ NSQF ક્વોલિફિકેશન માટે એસેસમેન્ટ ક્રાઇટેરિયાનાં આધારે તાલીમાર્થીઓનું અંતિમ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. શીખવાની ક્ષમતા, ગ્રુપમાં કામ કરવાની ક્ષમતા, સ્વતંત્ર રીતે ટેસ્ટ કરવાની ક્ષમતા અંગે દૈનિક વાતચીતનાં આધારે અને ટેસ્ટ રિઝલ્ટ બાદ પ્રેઝન્ટેશનનાં આધારે ઉમેદવારોનું ક્ષમતા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સફળ તાલીમાર્થીઓને હોટલ પેજ વન ખાતે આયોજિત સમાપન સમારોહમાં પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

### સમાપન સમારોહ

CERCના સીઇઓ અને બોર્ડ સેક્રેટરી શ્રી ઉદય માવાણીનાં સ્વાગત પ્રવચન સાથે સમારોહનો પ્રારંભ થયો હતો, જ્યારે CERCના ચેરમેન પ્રફુલ અમીને સમાપન ભાષણ આપ્યું હતું. વાડીલાલ ઇન્ડસ્ટ્રીઝના ડિરેક્ટર અને CFO શ્રી કલ્પિત ગાંધી મુખ્ય અતિથિ હતા. BIS અમદાવાદના હેડ સુમિત સેનગર અતિથિ વિશેષ હતા. FSSAI ના આસિસ્ટન્ટ ડિરેક્ટર સુકન્યા પોંડુગાલાએ ચાવીરૂપ ભાષણ આપ્યું હતું. જનરલ મેનેજર ઇલેક્ટ્રિકલ અને કોર્સ ઇન-ચાર્જ શ્વેતા મહાજને છેલ્લાં ત્રણ





વર્ષમાં સફળતાપૂર્વક યોજાયેલા ઇલેક્ટ્રિકલ કોર્સ અને ઉમેદવારોનાં પ્લેસમેન્ટની વિગતો આપી હતી. CERCના પ્રોજેક્ટ હેડ અને પરિશીલ લેબોરેટરીના ડિરેક્ટર દિપીકા ચૌહાણે કુડ કોર્સ અંગેની વિગતો આપી હતી. ENVIS કો-ઓર્ડિનેટર અનિંદિતા મહેતાએ GSDP ૨૦૨૨ નવા પરિમાણો અને આગામી દિશા અંગે ભાષણ આપ્યું હતું. CERC ENVISનાં પ્રોગ્રામ ઓફિસર દિવ્યા નામ્બુથિરીએ આભાર વિધી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ CERC ENVIS નાં ઇન્ફોર્મેશન ઓફિસર અપેક્ષા શર્માએ કર્યું હતું.







મારું નામ ભુમેશ હતવાર છે, હું મહારાષ્ટ્રનાં નાના ટાઉનનો નિવાસી છું. મને આ કોર્સની જાણકારી મારા એક મિત્ર પાસેથી મળી. કોર્સ ઇનચાર્જ અને નિષ્ણાતો દ્વારા આપવામાં આવેલા લેક્ચર્સ ખૂબ માહિતીપ્રદ હતા. સસ્ટેનિબિલિટીનું જ્ઞાન વધે એ રીતે પ્રેક્ટિકલ્સ તૈયાર કરવામાં આવ્યા હતા. ફિલ્ડ વિઝિટથી ઊંડી સમજણ આવી. મારા જ્ઞાનમાં વૃદ્ધિ કરવાની સાથે સાથે મારો કોન્ફિડન્સ લેવલ પણ વધારવા CERC નો આભાર. ખૂબ ખૂબ આભાર.

**-ભુમેશ હતવાર**

## પ્રતિભાવ



હું ફેની પટેલ, સુરતથી છું. GSDP ઇલેક્ટ્રિક કોર્સમાં જોડાઇ ત્યારથી મને ઇલેક્ટ્રિકલ ટેસ્ટિંગ અને કઇ રીતે ઊર્જાની ગણતરી કરવી તે શીખવા મળ્યું. સ્ટાર્ટઅપ અંગેનાં નિષ્ણાતના લેક્ચર્સમાં પણ મને મજા આવી. રૂબરૂતાલીમ પણ ખૂબ માહિતીપ્રદ હતી અને મને એનર્જી રેઝિસ્ટન્સ, ઇલેક્ટ્રિક શોક ટેસ્ટ, મેઝરમેન્ટ ઓફ ઇકો પેરામિટર્સ એન્ડ સાઉન્ડ લેવલ જેવાં નવા વિષયોની જાણકારી મળી. આ તક આપવા બદલ ખૂબ ખૂબ આભાર.

**- ફેની પટેલ**



GSDP કોર્સ પૂરો કર્યા પછી મને સ્ટાર લેબલિંગ અને ઊર્જા કાર્યક્ષમતા અંગે શીખવા મળ્યું. કોર્સ દરમિયાન જેકે લક્ષ્મી, મેસ્કોટ પમ્પ્સ જેવી કંપનીઓ માટે અનેક ફિલ્ડ વિઝિટ ગોઠવવામાં આવી હતી. આ ઉદ્યોગોની મુલાકાત લીધાં બાદ મને સમજાયું કે પર્યાવરણની જાળવણીની સાથે સાથે પણ સફળ બિઝનેસ ચલાવી શકાય છે. રૂબરૂ તાલીમે મારું વ્યવહારુ જ્ઞાન વધારવામાં ઘણી મદદ કરી. હું સમગ્ર CERC ટીમનો આભાર માનું છું.

**-મુક્તિ અખુનજી**




ENVIS ના ટૂંકા નામે જાણીતી ધ એન્વાયર્નમેન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમનો અમલ છઠ્ઠી પંચવર્ષીય યોજનાના અંતમાં પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો હતો. નીતી નિર્ધારકો, નિર્ણય લેનારાઓ, વિજ્ઞાનીઓ, પર્યાવરણવિદો, સંશોધકો, શિક્ષણવિદો અને અન્ય હિતધારકોમાં એન્વાયર્નમેન્ટલ ઇન્ફોર્મેશન સિસ્ટમ, કોલેશન, સ્ટોરેજ, રીટ્રાઇવલ અને વિતરણ માટે તેનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પર્યાવરણ અને વન મંત્રાલયે “એન્વાર્યનમેન્ટ લિટરસી-ઇકો લેબલિંગ અને ઇકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ”ની માહિતી એકત્ર અને વિતરિત કરવા કન્ઝ્યુમર એજ્યુકેશનએન્ડ રિસર્ચ સેન્ટર (CERC) અમદાવાદની પસંદગી કરી હતી. ENVIS રિસોર્સ પાર્ટનરનો મુખ્ય હેતુ ઇકો પ્રોડક્ટ્સ, આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ઇકો લેબલિંગ પ્રોગ્રામ્સની માહિતી પ્રસાર કરવાનો છે.


## સામયિકનાં મુદ્રક અને પ્રકાશક

**પ્રોજેક્ટ કોઓર્ડિનેટર, CERC-ENVIS રિસોર્સ પાર્ટનર, કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર વતી**

૫૦૭-૫૦૮, પાંચમો માળ, સાકાર ૨ બિલ્ડીંગ, એલિસબ્રીજના છેડે, એલિસબ્રીજ શોપિંગ સેન્ટરની પાછળ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬, ગુજરાત, ભારત, ફોનઃ ૦૭૯-૬૮૧૮૧૬૦૦/૨૮/૨૯

cerc@cercindia.org <cerc@cercindia.org>;

http:// ww.cercenvis.nic.in/

@EcoProductsEcoLabeling

@cerc_envis

@CERC - ENVIS


**અમને લખોઃ અમે તમારા અભિપ્રાય અને સૂચનોને આવકારીએ છીએ. આ મુદ્દે તમારા પ્રતિભાવ મોકલો. ઇકો પ્રોડક્ટ અને ઇકો લેબલિંગ અંગે આપનો યોગદાન આવકાર્ય છે**


સૂચના

**આ ન્યૂઝલેટરમાં પ્રકાશિત કરવામાં આવેલી માહિતી CERC અથવા ENVIS ના અભિપ્રાય રજૂ કરે તે જરૂરી નથી. અહીં પ્રકાશિત કરવામાં આવેલી તસવીરોનો હેતુ ગૌણ સ્રોતમાંથી માહિતી પૂરી પાડવાનો છે.**



મુદ્રણ

**પ્રિન્ટ એક્સપ્રેસ, અમદાવાદ**